## અઠ્ઠાઈ તપ આરાધના

ગાંધીનગર શહેરમાં પર્યુષણ પર્વ પ્રસંગે નગરના વિવિધ જૈનભાવકો - શ્રાવકો દ્વારા અઠ્ઠાઈ તપની આરાધના કરાઈ હતી. શુક્રવારની સવારે સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે આચાર્ય ભગવંત અરૂણોદય સાગર મહારાજ સાહેબના હસ્તે વિવિધ તપસ્વીઓના પારણા કરાવ્યા હતા. શહેરના જૈન સમુદાયે ભાવપૂર્વક સંવત્સરીનું પાવન પર્વ ઉજવ્યું હતું. આજે આખો દિવસ દેરાસરો ઉપરાંત દરકે તપસ્વીઓના ઘરે પણ પારણાનો કાર્યક્રમ ભાવપૂર્વક ઉજવાયો હતો.


ધારા પી. શાહ (અઠ્ઠાઈ)


મનોજભાઈ આર. શાહ (અઠ્ઠાઈ)


નિરાલી એચ. શાહ (૧૬ ઉપવાસ)


હર્ષા એમ. શાહ (૧૬ ઉપવાસ)


મુગેશભાઈ જી. પટેલ (૮ ઉપવાસ)


હેમાલીબેન એ. મહેતા (૧૮ ઉપવાસ)


પુજાબેન એ. શેઠ (૩૦ ઉપવાસ)


સંદીપભાઈ એન. વીરવાડી (અઠ્ઠાઈ)


નિતેશભાઈ આર. પોષધ (૯ ઉપવાસ)


રાજવી રાજન શાહ (અઠ્ઠાઈ)


રાજસી રાજન શાહ (અઠ્ઠાઈ)


કોકીલાબેન ડી. શાહ (અઠ્ઠાઈ)


રાજશ્રી એમ. શાહ (અઠ્ઠાઇ)


ચિંતન આર. ભાવસાર (અઠ્ઠાઈ)


દીલીપભાઈ વી. શાહ (અઠ્ઠાઈ)


નીલ બી. શાહ (અઠ્ઠાઈ)


સાગર પી. શાહ (અઠ્ઠાઈ)


દર્શન પી. શેઠ (અઠ્ઠાઈ)


કૈરવ પી. શાહ (અઠ્ઠાઈ)


પ્રિતુલ એન. શાહ (૪૮ ઉપવાસ)


જયશ્રીબેન બી. શાહ (અઠ્ઠાઈ)


સૌરીન એચ. શાહ (૧૧ ઉપવાસ)


ઋજુ આર. વિરવાડીયા (અઠ્ઠાઈ)


સુચિ બી. શાહ (અઠ્ઠાઈ)


પલક એસ. શાહ (અઠ્ઠાઈ)


અલ્પીત ડી. શાહ (અક્ષય નિધિ)

# મનપાની સભામાં કમિશનરના વિવાદાસ્પદ પરિપક્ષથી હોબાળો

## કાઉન્સીલરને સીધી ફાઈલ જોવા નહિ મળે; શિક્ષક જેવુ વલણ છોડો મેયર : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૧૮

કોઈપણ કાઉન્સીલરે ફાઈલ જોવી હોય કે વહીવટીતંત્રએ કરેલી કામગીરી જાણવી હોય તો મેયરને અરજી કરવી અને પછી મેયરની હાજરીમાં જ તે જોઈ શકાશે તેવા કમિશનરના પરિપત્રને લઈ આજે સામાન્ય સભામાં ભારે હોબાળો થયો હતો.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં આ મુદ્દે હોબાળો મચાવતાં કોંગી સભ્યોએ પરિપત્રના લીરા ઉડાડ્યા હતા તો ભાજપના શ્રી મનુભાઈ પટેલ, શ્રી સંદીપ જ્યોતિકર સહિતના સભ્યોએ આ ગેર બંધારણીય પગલુ હોવાનું જણાવી તાત્કાલિક પરિપત્ર પાછો ખેંચવાની માંગ કરી હતી.

મેયર શ્રીમતિ મોદીએ જણાવ્યું હતું કે વહીવટીય સરળતા માટે આ નિર્ણય કરાયો છે કારણ કે ફાઈલો ગુમ થવાની ફરિયાદો ઉઠી છે.

મેયરે પણ તંત્રનો બચાવ કરતાં જણાવ્યું હતું કે આમાં ખોટુ નથી બધાએ સહકાર આપવો જોઈએ આખરે આપણે પ્રજાનું કામ કરવાનું છે.

કોંગીના શ્રી પ્રવિણ પટેલે કહ્યું કે મેયર આમાં શિક્ષક જેવુ વલણ ના હોય. આ વાત મૂળમાં જ ખોટી છે. પ્રજાના પ્રતિનિધિના અધિકારો પર તરાપ છે. તેમજ વહીવટી તંત્ર પોતાની ઉદાસીનતાને ઢાંકવા માટે તમને બફર બનાવવા માંગે છે.

## સોલાર લાઈટ મુદ્દે મહેન્દ્રસિંહે મૌન તોડી એજન્સીને બ્લેકલીસ્ટ કરવા જણાવ્યું

ગાંધીનગરને સોલાર સીટી બનાવવાની વાતને સાકાર કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે ત્યોર ૯૦ ટકાથી વધુ લાઈટો કાર્યરત નથી તો સંબંધિત એજન્સીને બ્લેકલીસ્ટ કરી તેના નાણાં વસુલવામાં આવે તેવી માંગણી પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આજે સામાન્ય સભામાં કરી હતી.

તેમણે કહ્યુ કે જે વિસ્તારોમાં લાઈટો ચાલુ છે ત્યાં વહેલી બંધ થઈ જતી હોવાની ફરિયાદો પણ વ્યાપક રીતે ઉઠી રહી છે. શ્રી રાણાએ મરામત-જાળવણી અને નિભાવણીમાં તંત્રનું આવુ ઉદાસીન વલણ યોગ્ય નથી.

આ મુદ્દે તેમની રજુઆતમાં સહમત થતાં સંદીપ જ્યોતિકરે કહ્યું હતું કે થાંભલા લાગ્યા પછી એ જાહેર મિલ્કત બને છે તે દૂર કરવાના પ્રયાસો સામે પગલાં લેવામાં તંત્ર આંખ મિચોલી ખેલે છે તે વ્યાજબી નથી.

તેમણે કહ્યું કે આ મુદ્દે જ નહિ ઘણી બધી બાબતોમાં વહીવટીતંત્ર સમય પસાર કરવાની નીતિ અખત્યાર કરી રહ્યુ છે તે અત્યંત દુઃખદ છે.

# ડેન્ગ્યુના કેસો નિયંત્રિત કરવામાં તંત્ર નિષ્ફળ પુરવાર થયું છે : શૈલેન્દ્રસિંહ બિહોલા

ગાંધીનગર, તા. ૧૮

પ્રજાહિતના કામો અને વિકાસ માટે કોંગ્રેસ હંમેશા રચનાત્મક અભિગમ અપનાવી સહકાર આપશે તેવા સ્પષ્ટ સંકેત સાથે વિપક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ શહેરમાં વધતા જતાં ડેન્ગ્યુના કેસોને લઈ તંત્ર અસરકારક કામગીરી કરે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

**૧૪-૧૫ અને ૧૫-૧૬ની વિકાસ ગ્રાન્ટના કામોને તાકીદે મંજૂરી આપો : વિકાસના મુદ્દે રાજકીય ભેદભાવ કોંગ્રેસ સાંખી લેશે નહિ**

શ્રી બિહોલાએ આજે વિપક્ષના નેતા તરીકેના પ્રથમ ઉદ્‌બોધનમાં જ જણાવ્યું હતુ કે તંત્ર રોગચાળાની સ્થિતિમાં અસરકારક કામગીરી કરવામાં ઉણુ ઉતર્યું છે. શ્રી બિહોલાએ ભાદરવી પૂનમના મેળામાં ભાગ લેવા જતા પદયાત્રીઓ માટેના સેવા કેન્દ્રો નજીક એન્ટી લારવેલની કામગીરી સઘન રીતે કરાય તેવી માંગ કરી હતી. તેમણે આ સેવા કેન્દ્રોની આસપાસ ડસ્ટબીન મુકાય તેવું સૂચન કરી ગંદકીને પણ નિયંત્રિત કરવા જણાવ્યું હતું. તેમણે કાઉન્સીલરોને મળતી વિકાસ ગ્રાન્ટના નાણાં જે ૧૪-૧૫ અને ૧૫-૧૬ના વહીવટી મંજૂરીમાં અટવાઈને પડ્યા છે તે બાબતે સત્વરે નિર્ણય લેવાય તેમ જણાવ્યું હતું.

શ્રી બિહોલાએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના કામો હાથ ધરાયા જ નથી એટલે મેં પહેલાં કહ્યું છે તે વાત પુનઃ દોહરાવુ છુ કે વિકાસની વાત સર્વસમાવેશક કરો રાજકીય ભેદભાવ રાખશો નહિ તો કોંગ્રેસ તમારા ખભા સાથે ખભો મિલાવશે. પદયાત્રીના સેવાકેન્દ્રો પાસે ડસ્ટબીન મુકવાની વાત કોંગીના સૌ કાઉન્સીલરોએ વધાવી હતી.

# બેકારી ભથ્થાની માંગ સાથે આજે વિચાર ક્રાંતિ કાર રેલી : ચાવડા

ગાંધીનગર, તા. ૧૮

આજે કોંગ્રેસ દ્વારા વિચારક્રાંતિ અભિયાન અંતર્ગત ગાંધીનગરથી બહુચરાજી કાર રેલીનું આયોજન કરાયું છે.

બેકારી ભથ્થાની માંગણી સહિતના અનામત તેમજ અન્ય સંવેદનશીલ મુદ્દાઓ અંગે લોકમત જાગૃત કરવા માટે આ કાર રેલીનું આયોજન કરાયું હોવાનું વિચારક્રાંતિ અભિયાનના કન્વીનર ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યુ છે.

આ કાર રેલી સવારે સાડા નવ વાગે સે. ૬ના મેદાન ખાતેથી આરંભાશે અને અડાલજ થઈ મહેસાણા થઈ બહુચરાજી પહોંચશે. આ રેલી એ લોકમત જાગૃત કરવાનું અભિયાન હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યુ હતુ કે આજનું ગુજરાત મોડેલ એ બેકારી, આપઘાત અને બળાત્કારનું ધામ બન્યું છે. ગુજરાત સરકારની અણઘડ નીતિઓ અને અણઆવડતને કારણે ગુજરાતનું યુવાધન બેકારીના ખપ્પરમાં હોમાઈ રહ્યું છે.

શ્રી ચાવડાએ જણાવ્યું હતું કે સૌ સાથે મળી અને સંવાદ અને મંથન કરીએ તે વૈચારિક ક્રાંતિનું અભિયાન છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના રેડિયોલોજીસ્ટ ડૉ. દ્રુપદ ડી. વ્યાસને ડેન્ગ્યુ પોઝીટીવ જણાતાં સારવાર માટે અમદાવાદ સિવિલમાં દાખલ કરાયા છે.

● ભગવાન બલરામના જન્મદિવસની ઉજવણી બલરામ મંદિરના પરિસરમાં કિસાન સંઘ દ્વારા કરવામાં આવનાર છે.

● ગાંધીનગર જિલ્લામાં સંચારી રોગોને લઈ આજે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ પદે સમીક્ષા બેઠક મળશે.

● ગાંધીનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

● ચ-૩ નજીક આજે બે બંગાળી મહિલાઓ મોબાઈલ ફોનની પાવર બેંકના વેચાણ માટે ઉભી હતી તેને લઈ ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો.

## સાર્વજનિક ગણેશોત્સવમાં આજે કોમી એખલાસના દશ્યો સર્જાશે

ગાંધીનગરના મહારાષ્ટ્રીય ભાઈઓ દ્વારા છેલ્લા ૪૬ વર્ષથી ગણેશ મહોત્સવ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે.

આ પ્રસંગે રાજયપાલ ઉપસ્થિત રહી મંગલદીપ પ્રાગટય અને પૂજા અર્ચના વિધિ કરશે. આ પ્રસંગે ગાંધીનગરના મુસ્લીમ અગ્રણીઓ આઝાદભાઈ મનસુરી, શ્રીમતી લાડબેન, ઈનાયત અલી સૈયદ, દરીયાખાન સિપાહી, ભુરાભાઈ અનસુરી, યુસુફભાઈ મનસુરી તથા અન્ય મુસ્લિમ બિરાદરો હાજર રહીને કોમી એકતાનું ઉદાહરણ પુરું પાડશે.

## હરિની દૃષ્ટિ...



બાપ્પા... મારી ભક્તિ સાચી જ છે... બે દિવસનાં મોદક મુક્તો જાઉં છું... આવતા બે દિવસ ભારે વરસાદની આગાહી છે... ન પણ અવાય...!!

# અંધત્વ નિયંત્રણ કામગીરી સંદર્ભે આજથી બે દિવસીય રાષ્ટીય સેમિનાર

### કડી કેમ્પસના ખીમજી હોલમાં આપ્થલ્મીક આસીસ્ટન્ટ એસોસિએશન દ્વારા ખાસ સેમિનારનુ આયોજન્વાતવા

ગાંધીનગર તા ૧૮

ગુજરાત રાજય ઓપ્થલ્મીક આસીસ્ટન્ટ એસોસિયેશન દ્વારા તા ૧૯મી સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે સે- ૨૩ સર્વ વિધાલય કેળવણી મંડળના નાથીબા હોલમાં રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ છે. બે દિવસીય આ સેમિનાર દરમિયાન દેશના વિવિધ રાજયોમાંથી તજજ્ઞો હાજરી આપી અંધત્વ નિવારણ કાર્યક્રમ હેઠળ થતી કામગીર અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરશે.

ગુજરાત ઓપ્થલ્મીક એશોસિએશનના પ્રમુખ ચતુરભાઈ પટેલે આ અંગે માહીતી આપતા જણાંવ્યા મુજબ રાષ્ટ્રીય કક્ષાના આ બે દિવસીય સેમિનારના પ્રારંભે મંત્રી પ્રદીપસિંહ જાડેજા તેમજ ધારાસભ્ય અશોક પટેલ હાજરી આપશે. આ ઉપરાંત આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ સેમિનારમાં જોડાશે.સેમિનાર દરમિયાન દેશના વિવિધ રાજયોમાંથી મોટી સંખ્યામાં પ્રતિનિધિઓ હાજરી આપશે. આ તબક્કે અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ થતી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. આ મામલે વિચારોની આપ લે કરવામાં આવશે. આરોગ્ય વિભાગ હેઠળ રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમમાં ફરજ બજાવતા ઓપ્થલ્મીક ઓફિસરો પણ હાજરી આપશે. એસોસિએશનના પ્રમુખ ચતુરભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કીરીટ ત્રિવેદી આર કે પટેલ કે કે પટેલ તેમજ ડી એ પટેલ સહીતના પ્રતિનિધિઓ સેમિનારના સફળ આયોજન માટે સહયોગી બળ પુરુ પાડી રહયા છે. આ સેમિનારના આયોજન માટે અંધત્વ નિવારણ સોસાયટી તેમજ આરોગ્ય વિભાગ અને બાપુનગર શિવજયોતિ આંખની હોસ્પિટલ દ્વારા સહયોગ પુરો પાડવામાં આવ્યો છે.

# જય અંબે પરિવારના પદયાત્રા સંઘનું પ્રસ્થાન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના જય અંબે પરિવાર દ્વારા ૨૭ મી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રામાં ૩૦૦ ભાઈ બહેનો જોડાયા હતા. માં જગદંબાની શાહી સવારીના પ્રારંભ સમયે મોટી સંખ્યામાં માઈ ભકતો જોડાયા હતાં.બોલ મારી અંબે જય જય અંબેના નાદ થી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ભાદરવી પુનમે ચાલતા અંબાજી જવાનો અનેરો મહિમા છે. શહેરના જય અંબે પરિવાર દ્વારા દર વર્ષે અંબાજી ચાલતા જવા માટે સંઘનું આયોજન કરવામાં આવે છે.

૨૭મી પદયાત્રાનું પ્રસ્થાન સમયે સવારે દસ કલાકે સેકટર ૧૩ શકિત ચોક ખાતે માતાજીનું પૂજન અર્ચન ,માતાજીના નિશાન ધજા તથા સુંદર કલાત્મક રથ સાથે ચાલતા જતા પદયાત્રીકો સાથે થયું હતું.

બેન્ડવાજામાં વાગતા સુંદર માતાજીના ભજનો તેમજ ગરબાથી સમગ્ર વાતાવરણ ભકિતના રંગે રંગાઈ ગયું હતું. ચારે બાજુ બોલ



મારી અંબે જય જય અંબેના નાદ સંભળાતા હતા. આ પ્રસંગે માતાજીની વિશેષ આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. શહેરના નાટ્ય કલાકાર ફાલ્ગુન નંદા,દિપલ પરમાર,નિતિન પરમાર, સૌરભ જોષી, અને દર્શના જોષીએ સુંદર નાટક આસ્થા વિષય પર રજુ કર્યું હતું. પ્રારંભ સમયે હાજર ભકતોને રક્ષાસુત્ર બાંધવામાં આવ્યા હતા. ૧૮ સપ્ટેમ્બરના રોજ નિકળેલ સંઘ વાસન મહાદેવ,દેવીપુરા,ઉમતા, શાહુપુરા, નવાવાસ, થઈ ૨૪ સપ્ટેમ્બરના રોજ અંબાજી ધામે પહોચીને વાજતે ગાજતે પવિત્ર ધજા અર્પણ કરી શિખરે લહેરાવશે. પદયાત્રીકો દરરોજ ત્રીસેક કીલોમીટરનું અંતર કાપશે. મોખરે માતાજીની ધજા તેમજ છેલ્લે રથ રહે છે. વચ્ચે પદયાત્રીકો માતાજીની ધુન તેમજ ગુણગાન ગાતા ચાલે છે.